EDI

Western Times

April 2, 2011
Page No. 2

# ઈડીઆઈના આંત્રપ્રિન્યોરિયલ એડવેન્ચર્સ નેશનલ સમર કેમ્પ

**અમદાવાદ,** આંત્રપ્રિન્યોરિયલ ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યુટ ઓફ ઈન્ડિયા દ્વારા ચલાવવામાં આવનાર રાષ્ટ્રીય સમર કેમ્પ ૧૨-૧૬ વર્ષના વય જુથના બાળકોમાં નાની ઉંમરે ઉદ્યોગ અને સફળંતાની ભાવના જગાવવાના મુખ્ય હેતુથી ચલાવવામાં આવે છે. આ ખાસ ઘડવામાં આર્વેલ શિબિર બાળકોમાં ઉદ્યોગ સાહસિક વ્યવસ્થાપન કૌશલ્ય વિકસાવવાનું શિક્ષણ આપે છે. આ વર્ષે ઈડીઆઈ બાળકો માટે અઢારમાં અને ઓગણીસમાં શિબિરનું આયોજન તા. ૧ થી ૬ મે તા. ૨૨મી ૨૭ મે દરમિયાન કરી રહી છે.

શિબિરમાં ભાગ લેનારા બાળકો માનસિક જિમ્નેશિયમ અને કવાયતો સહિત કસોટી ઉકેલ, પ્રશ્નમંચ, સ્પર્ધાઓ, ઔદ્યોગિક પ્રવાસો અને સફળ વ્યક્તિઓ સાથે મુલાકાત સહિતની આંત્રપ્રિન્યોરશીપ પ્રેરક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત કહે છે.

યુવાઓ માટે આંત્રપ્રિન્યોરિયલ એડવેન્ચર્સ નેશનલ સમર કેમ્પનું આયોજન ઈડીઆઈ દ્વારા સને ૧૯૯૨ થી થાય છે. આ વર્ષે ૨૦મો યુવા શિબિર તા. ૯ થી ૧૮ મે દરમિયાન યોજાયો. જેમાં ૧૬ થી ૨૨ વર્ષની વયજૂથના યુવાઓ ભાગ લેશે.

શિબિરનો ઉદ્દેશ યુવાનોમાં ઉદ્યોગસાહસિકતાનો અભિગમ કેળવવાનો છે. તેમની સુષુપ્ત પ્રતિભા બહાર લાવવાની અને ભવિષ્યના પડકારોનો સામનો કરવા તેમને સક્ષમ બનાવવા, સર્જનાત્મકતા, ઉત્કૃષ્ટતાની ખેવના, નેતૃત્વ, સમસ્યા સમાધાન વગેરે ગુર્ણોનો વિકાસ કરવાનો છે. તેઓને પ્રતિષ્ઠિત અને સફળ ઉદ્યોગસાહસિકો સાથે ઔપચારિક અને બિનઔપચારિક વાતાવરણમાં મળવાની તક પુરી પાડવામાં આવે છે.